જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૮/૨૦૧૫ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૬૨૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૨૭૪ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૯,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૨૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૬૨૫/૧૫**

**ચાંદખેડા :** અંકિતાબહેન નલીનભાઇ વાઘેલા (ઉ.વ.૧૫)(રહે.માનસરોવર આઇ.ઓ.સી.રોડ, ચાંદખેડા) ને તા.૬/૮/૧૫ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી અજય મંગાભાઇ (રહે.ઇન્દિરાનગર નાં છાપરાં, ઓઢવ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ અંકિતાબહેનનાં પિતા નલીનભાઇ વાઘેલાએ તા.૧૦/૮/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**મણીનગર :** રમસુભાઇ રેવલાભાઇ ડામોર (રહે.ગોરધનવાડી ટેકરા, સુંદરવન સોસાયટી અંદર, ખુલ્લા પ્લોટમાં, મણીનગર) એ તા.૧૦/૮/૧૫ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૮/૧૫ સાંજનાં ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યા રહેણાંક નજીકથી પોતાના પુત્ર.મેહુલ (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એસ.દેસાઇ ચલાવે છે.

**લુંટ ની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૬૨૬/૧૫**

**ઓઢવ :** જીયાઉદ્દીન સોહરાબુદ્દીન શેખ (ઉ.વ.૨૫)(રહે.ગામઃ ખડોગ્રામ, તા. દુલરાજપુર જી.વરેહમ વેસ્ટ બંગાલ) તા.૧૦/૮/૧૫ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે રાજેન્દ્રપાર્ક રોડ જીનેન્દ્ર સ્ટીલ વાસણ ભંડારની દુકાન નજીકથી મિત્ર સાથે ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર બે પુરૂષ અને એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મળી ચાર પુરૂષોએ ભેગા મળી જીયાઉદ્દીન શેખ સાથે બોલા ચાલી ઝગડો કરી ચપ્પુ વડે ઘા કરી જીયાઉદ્દીન શેખ પાસેના રૂપિયા ૩૦,૦૦૦/- તેમજ મિત્ર પાસેના રૂપિયા ૩૦,૦૦૦/- તેમજ મોબાઈલ ફોન લુંટ કરી પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ જીયાઉદ્દીન શેખે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એન ખાંટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૨૭/૧૫</u>**

**વસ્ત્રાપુર : (૧)** જલક નીરજભાઇ ભાવસાર (રહે.ગાર્ડન રેસિડન્સી, વિભાગ-૧, શ્યામવીલા બંગ્લોઝ પાસે, બોપલ) એ તા.૫/૮/૧૫ બપોરના ૧૨/૦૦ વાગે બોડકદેવ પશ્ચીમ ઝોન મ્યુ.કોર્પોરેશનની ઓફીસ સામે પોતાની મારૂતી ફ્રન્ટી કાર નંબર જીજે ૪ ડી.૪૬૮૩ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૯/30 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જલક ભાવસારે તા.૧૦/૮/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

**(૨)** અશોકભાઇ ક્રિષ્ણમુરારી ગુપ્તા (રહે, ધનંજય ટાવર, શ્યામલ ત્રણ રસ્તા પાસે, આનંદનગર, સેટેલાઇટ) એ તા.૯/૮/૧૫ રાતના ૧૦/30 વાગે એસ.જી. હાઇવે રાજપથ ક્લબ પાસે આવેલ હોટલ ક્રિઝ સામે પોતાની હોંડાઇ ગેસ્ટ કાર નંબર જીજે ૬ બી.એ. ૯૭૭૫ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ અંગેની અશોકભાઇ ગુપ્તાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સરફરાજખાન ગુલાબખાન ચલાવે છે.

**<u>ત્યજી દિધેલ તાજુ જન્મેલ શીશુ મળી આવવા બાબત:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૨૮/૧૫</u>**

**નરોડા :** તા.૧૦/૮/૧૫ રાતનાં ૮/30 વાગ્યાના સુમારે નરોડા પોલીસને રણછોડજી મંદિરનાં પરીસરમાંથી તાજુ જન્મેલ બાળક મળી આવતાં, નરોડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)